**R.C.S. NO. 32-2024**

**–:: વાદીની આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમ ની અરજી લગત હુકમ ::–**

(૧) અરજી વંચાણે લીધી. વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. પ્રતિવાદીના વિ. વકીલશ્રીને શાભળ્યા. વાદીના વિ. વકીલશ્રીએ આ કામે દલીલો ન કરતા તેમની દલલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૨) **વાદીના દાવાની અને હાલની અરજીની ટુકમાં હકિકત એવી છે કે,**

(૧) અમો વાદી નં–૧ થી ૮ પરબતસિંહ ગુમાનસિંહ ડીયાના કાયદેસરના સીધી લીટી ના પુત્રી વારસદારઓ છીએ. જયારે વાદીનં– ૯ પરબતસીહ ગુમાનસિંહ ડીયાના વિધવા પત્ની છીએ. આ કામના પ્રતિવાદીનં–૧ થી ૩ વાદી નં –૯ ના પુત્ર સંતાન છે.

(૨) વાદી નં–૧ થી ૮ ના પિતા ડીયા પરબતસિંહ ગુમાનસિંહ તા.૧/૯/૨૦૦૦ ના રોજ અવસાન થયેલ છે. વાદી નં–૧ થી ૮ નાઓ સાસરીમાં રહે છે અને આ કામના પ્રતિવાદી નં–૧ થી ૩ નાઓ અમારા ભાઈઓ થતા હોઈ મર્હુમ પરબતસિંહની મિલ્કતો માંથી મળતી ઉપજ નિપજ વાદી નં–૧ થી ૮ નાઓને આપતા રહેલ હતા તેમજ અમારા સામાજીક વ્યવહારો કરતા રહેલ હતા.

(૩) પરંતુ અમો વાદીઓએ મર્હુમ પરબતસિંહની સ્થાવર મિલ્કતોમાંથી અમારો વરાડે પડતો કાયદેસરનો વારસાઈ હકક કદી કયારેય પ્રતિવાદીઓની તરફેણ માં જતો કરેલ નથી કે હકક કમી અંગે કોઈ સોગંદનામુ કરી અમારો વારસાઈ હકકે પ્ર તીવાદીઓની તરફેણમાં તબદીલ કરેલ નથી.

(૪) આ કામના પ્રતિવાદીઓ મર્હુમ પરબતસિંહની ઈડર તાલુકામાં મોજે દીયોલી ગામે આવેલ ખેતીની જમીનો તથા રહેણાંકના પ્લોટ/મકાનો માં વાદીઓના વારસાઈ હકકો નષ્ટ કરી તેમજ વાદીઓની કોઈ પણ પ્રકારની સહિ સમંતી વિના કોટુબીક વહેચણી ના મથાળે રેવન્યુ રેકર્ડ ફેરફાર ની નોધ નં– ૭૬૨ , તા. ૧/૧૨/૨૯૯૫ નારોજ પડાવેલી.

(૫) વાદીએ દાવામાં પરિશિષ્ટ એ દિયોલ ગામની ખેતીની જમીન સરવે નંબર ૩૫૦,૩૫૩,૩૫૮ તથા પરિશિષ્ટ બી દિયોલ ગામની ખેતીની જમીન ૩૪૯,૩૫૪ તથા પરિશિષ્ટ સી. દિયોલ ગામની ખેતીની જમીન સરવે નં.૩૪૭ તથા ૩૫૭ તથા

દીયલ ગમના ગામતળમાં આવેલ પંચયાત મિલ્કત નં. ર૪૪ વાળી મિલ્કત તથા દીયલો ગામ ગામતળ આવેલ પંચાયત મિલ્કત નં.૪૪ વાળી મિલ્કતમાં દરેક વારસદારોને ૧/૯ નો વરાડે પડતો વારસાઈ હકક પોસાતો આવેલ હોવાનુ જણાવેલ છે.

(૬) પરિશિષ્ટ એ થી સી વાળી ખેતીલાયક જમીનો પરબતજી ગમજી ને મુળના પ્રત્યક્ષ કબજાની વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ હતી જેની રેવન્યુ રેકર્ડે નોઘ નં–પ૮ પડેલ હતી તે જ રીતે નોઘ નં–૬૦ થી પ્રત્યક્ષ કબજાના આધારે દાવાવાળી મિલ્કતો પરબતજી ગમજી ને પ્રાપ્ત થયેલ હતી. તેમજ નોઘ નં–૭૬૧ થી વાદી નં–૧ થી ૮ ના પિતાશ્રીના ભાઈઓની વહેચણી અંગેની પડેલી હતી. અને નોંધ નં– ૬૦૮ થી એકત્રીકરણ ની સ્કીમ મુજબ સ્થળે કબજા મુજબની પડેલી હતી.

(૭) વાદીઓના પિતાની વૃધ્ધાવસ્થાનો ગેરલાભ લઈ તેઓની હયાતીમાં પ્રતિવાદીઓ માત્ર પુત્ર વારસદારો હોવાનુ જણાવી તેમજ અન્ય કોઈ વારસદાર ન હોવાની હકીકતો નો આધાર લઈ કોટુબીક વહેચણીના મથાળે રેવન્યુ રેકર્ડે નોઘ નં –૭૬ર , તા. ૧/૧ર/૧૯૯પ ના રોજ પડાવી સદર નોઘ તા.૧૬/૧/૧૯૯૬ ના રોજ મે. મામલતદાર શ્રી ઈડર ઘ્વારા મંજુર કરતાં સદર મિલ્કતો રેવન્યુ રેકર્ડે પ્રતિવાદીઓના નામે દાખલ થયેલ છે.

(૮) જે નોઘ નં–૭૬ર ની વિગતો જોતાં મર્હુમ પરબતસિહ પેઢીનામુ રજુ થયેલ નથી. અથવા તો પ્રતિવાદીઓ માત્ર તેમના વારસદારો હોય તે મુજબનું ખોટુ અને અધુરુ પેઢીનામુ રજુ કરી દાવાવાળી મિલ્કતો પ્રતિવાદીઓએ તેઓના નામે વહેચણી થી રેવન્યુ રેકર્ડે દાખલ કરાવી દીઘેલ છે.

(૯) વાદી નં– ૧ થી ૮ ના પિતાશ્રી તથા વાદીનં– ૯ ના પતિશ્રીનુ તા.૦૧ /૦૯/ર૦૦૦ ના રોજ અવસાન થયા બાદ દાવાવાળી મિલ્કતોમાં અમો વાદીઓની વારસાઈ થયેલ હશે તેવુ માનવાને કારણ હતુ.

(૧૦) અમો વાદીનં–૯ નાને તથા અમો વાદી નં–૮ નાનુ સને– ર૦૦૦ ના અરસામાં લગ્ન થયેલ ન હોઈ દિયોલી ગામે રહેતા હોઈ વાદગ્રસ્ત નોઘ ની જાણ થતાં સદર નોઘ સામે મે. નાયબ કલેકટરશ્રી ઈડર સમક્ષ અપીલ દાખલ કરેલી હતી. જે અપીલ નં – આરટીએસ/અપીલ/કેસ નં– ૧ર/ર૦૦૦ થી તા.૧૩/૦૮/ર૦૦૧ ના રોજ હુકમ

કરી અમારી અપીલ નામંજુર કરેલ હતી જે હુકમ થી નારાજ થઈ મે કલેકટરશ્રી સાબરકાંઠા સમક્ષ રીવીજન અરજી દાખલ કરેલ જે રીવીજન અરજી મે. કલેકટર શ્રી સાબરકાંઠા નં.આરટીએસ./રીવીઝન/દાસુ/વશી/૩૬૨૫/૨૦૦૧ થી તા. ૨૧/૧૧/૨૦૦૨ ના રોજ કેસ રજીસ્ટરે દાખલ ન કરી મે. નાયબ કલેકટરશ્રી ઈડરનો હુકમ કાયમ રાખેલ હતો જે બાબતે અમો વાદી નં–૮ અને ૯ નાએ બાકીના વાદીઓ ને જાણકારી આપેલ ન હતી. જેથી બાકી ના વાદીઓને વાદગ્રસ્ત નોધ બાબતે કોઈ માહિતી ન હતી.

**(૧૧)** અમો વાદી ઓને અન્ય ખેતીની જમીનો ખરીદવાની હોઈ

**(૧૨)** સને– ૨૦૨૪ માં સદર ખેતીની જમીન ખરીદવા માટે અમો વાદીઓ મુળ ખેડુત ખાતેદાર હોવા અંગેના પુરાવા ની જરુર પડતાં અમો વાદીનં– ૧ થી ૮ ના પિતાશ્રી નીદીયોલી ગામે ખેતીની જમીનો હોઈ અને અમારા પિતાશ્રીનુ અવસાન થતાં તે જમીનોમાં અમારો વારસાઈ હકક પોષાતો હોઈ વારસાઈ નોધ થી અમારા નામ દાખલ થયેલ હશે અને ચાલતા હશે. તેવુ માની મે– ૨૦૨૪ ના અરસામાં દીયોલી ગામે જઈ અમારા પિતાશ્રીની ખેતીની જમીનોમાં વારસાઈ ની નોધો અને ગામ નમુના નં–૭/૧૨ ના ઉતારા ની નકલોની માંગણી કરેલી હતી. જે માગણી કરતા અમો વાદી નં–૧ થી ૮ નાને પ્રથમવાર જાણ થયેલ છે કે અમારા પિતાશ્રીની દાવાવાળી ખેતી લાયક જમીનો અમારા પિતાશ્રીની વૃધ્ધાવસ્થાનો ગેરલાભ લઈ પ્રતિવાદીઓ એ તેઓના નામે રેવન્યુ રેકર્ડે આ ખેતીની જમીનો પિતાશ્રી ની હયાતીમાં જ દાખલ કરી દીધેલ છે.

**વાદીઓએ હાલના દાવમાં દાદમાં**

**(૧)** દાવાવાળી મિલ્કતમાં વાદીઓનો વારસાઈ હકક રહેલ હોવાનુ અને પોષાતુ હોવાનુ ઠરાવો.

**(૨)** પડેલ નોધ નં–૭૬૨ ગેરકાયદેસર ની હોઈતે નોધ તથા તે નોધ મંજુર કરવાનો

**(૩)** દાવાવાળી મિલ્કતની વહેચણ ની દાદ

**(૪)** દાવાવાળી મિલ્કત અંગે પ્રતિવાદીઓની વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવો.ની દાદો માંગેલ છે.

વાદીઓએ હાલની અરજીમાં દાવાના આખરી નિકલ સુધી પ્રતિવાદી દાવાવળી મિલ્કતનો ટ્રાન્સફર કરે કરાવે નહી બોજા પડાવે નહી કબજા હકક ને નુકશાન થયા તેવુ કુત્ય કરે કરાવે નહી તે અંગે કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ છે.

(૩) વાદીનો દાવો નો સમન્સ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદી નં.૧નાઓ તરફે આંક– ૧૪ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ રજુ થયેલ છે. જેમાં તેમણે વાદીના દાવા ની હકીકતો નો ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે,

(૧) વાદીઓએ પરિશિષ્ટ– એ., બી., સી., અને ડી. માં જણાવેલ મિલ્કતો પ્ર તિવાદી નં–૧ ના પિતાની સ્વપાર્જીત મિલ્કતો છે. જે હકીકત ગામ રેકર્ડે પડેલ નોઘ નં–૫૮ અને ૬૦ થી સ્પષ્ટ થાય છે. અને પ્રતિવાદી નં– ૧ , ૨ અને ૩ નાઓ સગા ભાઈઓ છીએ. અને અમારા પિતાશ્રીએ તેમની હયાતી માં સને–૧૯૯૫ ની સાલ માં તેઓની પરિશિષ્ટ માં જણાવેલ મિલ્કતોની અમો ત્રણે ભાઈઓ વચ્ચે કાયદેસર ની વહેચણી કરી આપેલી અને તેની તા.૧/૧૨/૧૯૯૫ ના રોજ ગામ રેકર્ડ નોઘ નં– ૭૬૨ પડી મંજુર થયેલી છે.

(૨) અને તે સમયે એટલે કે વહેચણી કરતા સમયે અમારા પિતાશ્રીએ અમારી બહેનો અને માતા તે આ કામના વાદીઓને હાજર રાખેલા અને તમામની હાજરીમાં આ કાયદેસર ની વહેચણી કરેલી.

(૩) સને–૧૯૯૫ ની સાલમાં હિન્દુ વારસા ધારામાં બહેનોનો કોઈ હકક લાગુ પડતો ન હતો. તેથી અમારા પિતાશ્રીએ તે સમયે એટલે કે સને–૧૯૯૫ ની સાલમાં દરેક બહેનના નામે રુ– ૨૦,૦૦૦/– ફીકસ ડીપોઝીટ તરીકે મુકી આપેલા. જે રકમ દરેક બહેને ત્યાર બાદ લઈ લીધેલી. અને સને– ૨૦૦૦ ની સાલમાં અમારા પિતાશ્રીનું અવસાન થયેલુ. જેથી વાદીઓના દાવાને સમયમર્યાદા નો સ્પષ્ટ પણે બાધ નડે છે.

(૪) આ કામના વાદી નં–૮ અને ૯ નાએ બીજા વાદીઓની ચઢવણીમાં વહેચણી ની નોઘ નં–૭૬૨ વિરુઘ્ધ સને–૨૦૦૦–૦૧ ની સાલમાં આરટીએસ/અપીલ/૧ ૨/૨૦૦૦ ની પ્રતિવાદી વિરુઘ્ધ દાખલ કરેલી. જે અપીલ ના કામે પક્ષકારોને સાંભળી મે. નાયબ કલેકટરશ્રી ઈડર નાએ તા.૧૩/૦૮/૨૦૦૧ ના રોજ ચુકાદો આપી વાદી નં–૮ અને ૯ ની વિવાદ અરજી નામંજુર કરેલી. મે.નાયબ કલેકટરશ્રી ઈડરના ઉપરોકત હુકમ વિરુઘ્ધ વાદીનં–૮ અને ૯ નાએ સાબરકાંઠા જિલ્લા મે.

કલેકટર સાહેબશ્રીની કોર્ટમાં આરટીએસ/રીવીઝન/દાસુ/વશી./૩૬૨૫/૨૦૦૧ થી દાખલ કરેલી.જે કામે પણ મે. કલેકટરરી સાબરકાંઠાએ પક્ષકારોને સાંભળીને તા.૧૬/૧૦/૨૦૦૨ ના રોજ ચુકાદો આપી વાદી નં- ૮ અને ૯ ની રીવીજન અરજી સમયમર્યાદા બહાર રજુ કરેલ હોઈ રજીસ્ટરે દાખલ કરવાનો ઈન્કાર કરેલો. અને મે. નાયબ કલેકટર શ્રીનો હુકમ કાયમ રાખેલો. સદરહુ બંને હુકમો વિરુધ્ધ વાદીનં. ૮ અને ૯ અને બીજા વાદીઓએ કોઈ અપીલ/રીવીઝન કરેલ નથી.

(૫) અમો પ્રતિવાદીનં-૧ ને જાણવા મળ્યા મુજબ પ્રતિવાદી નં.-૨ અને ૩ નાએ વાદીઓને ખોટા પ્રલોભનો આપી તેઓને હાથ ઉપર લઈ ખોટી હકીકતો જણાવીને હાલનો દાવો કરાવડાવેલો છે.

(૩) વાદીનો દાવોનો સમન્સ પ્રતિવાદી નં.૨ અને ૩ નાને બજતા પ્રતિવાદી નં. ૨ અને ૩ના તરફે આંક- ૧૬ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ રજુ થયેલ છે. જેમાં તેમણે જણાવેલ છે કે,

(૧) આંક-૧૬ વાદીની દાવાવાળી મિલકત બાબતે ની હકક દાવો કરવાની હકીકત અંગે અમો પ્રતિવાદીને કોઈ તકરાર નથી. અને આ કામના વાદીએ દાવા અરજી માં જણાવેલ દાવાવાળી મિલકત તથા તેમાં રહેલા હકકો બાબતે ની હકીકત સાથે પ્રતિવાદીનં- ૨ અને ૩ સંમત છીએ.

(૪) સદરહુ ઉપરોકત આંક-૫ વાળી મનાઈ અરજીના નિર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું વાદી નો પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય છે?

મુદ્દા નં.૨ શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

મુદ્દા નં.૩. શું વાદીની માંગણી મુજબ મનાઈ હુકમ આપવામા ના આવે તો,વાદીને નાણામા ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

મુદ્દા નં.૪. શુ હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાના જવાબો અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ નકારમાં

મુદ્દા નં.૩.    નકારમાં

મુદ્દા નં.૪.    આખરી હુકમ મુજબ.

<u>નિર્ણય માટેના કારણો</u>

<u>મુદ્દા નં.૧ થી ૩.</u>

(૬) વાદીની દાવા અરજી ધ્યાને લેતાં વાદીએ તેમની દાવા અરજીમાં એવુ જણાવેલ છે કે, ''અમો વાદીનં–૯ નાને તથા અમો વાદી નં–૮ નાનુ સને– ૨૦૦૦ ના અરસામાં લગ્ન થયેલ ન હોઈ દિયોલ ગામે રહેતા હોઈ વાદગ્રસ્ત નોધ ની જાણ થતાં સદર નોધ સામે મે. નાયબ કલેકટરશ્રી ઈડર સમક્ષ  અપીલ દાખલ કરેલી હતી. જે અપીલ નં– આરટીએસ/અપીલ/કેસ નં–૧૨/૨૦૦૦ થી  તા.૧૩/૦૮/૨૦૦૧ ના રોજ હુકમ કરી અમારી અપીલ નામંજુર કરેલ હતી જે હુકમ થી નારાજ થઈ મે કલેકટરશ્રી સાબરકાં ઠા  સમક્ષ રીવીજન અરજી દાખલ કરેલ જે રીવીજન અરજી મે. કલેકટર શ્રી સાબરકાંઠા નં .  આરટીએસ./રીવીઝન/દાસુ/વશી/૩૬૨૫/૨૦૦૧  થી તા. ૨૧/૧૧/૨૦૦૨ ના રોજ કેસ રજીસ્ટરે દાખલ ન કરી  મે. નાયબ કલેકટરશ્રી ઈડરનો હુકમ  કાયમ રાખેલ  હતો જે બાબતે  અમો વાદી નં–૮ અને ૯ નાએ બાકીના વાદીઓ ને જાણકારી આપેલ ન હતી. જેથી બાકી ના વાદીઓને વાદગ્રસ્ત નોધ બાબતે  કોઈ માહીતી ન હતી.''   આમ, વાદી નં– ૮ અને ૯ નાએ નીશાની –૩/૭ ની ફેરફાર નોધ નં–૭૬૨  તા. ૧/૧૨/૯૫ ની નોધની જાણ સને– ૨૦૦૦ ના અરસા માં હતી તેવુ સ્પષ્ટ થાય છે. તેમણે તેમની જાણ અન્ય વાદીઓ તેમની બહેનો/ દિકરીઓને કરેલ ન હોઈ તે પ્રથમ દર્શનીય માનવા પાત્ર જણાતુ નથી. વાદીએ તેમની દાવા અરજીમાં વાદીઓની કોઈ પણ પ્ર કારની સહી સમંતી વિના કોટુબીક વહેચણી ના મથાળે રેવન્યુ રેકર્ડે ફેરફાર નોધ નં– ૭૬૨ તા. ૧/૧૨/૯૫ ના રોજ પડાવી હોવાનુ જણાવેલ છે. જે ધ્યાને લેતાં દાવા વાળી મિલકતો ડીયા પરબતસિંહ ગુમાનસિંહ એ તેમના ત્રણ પુત્ર ને તા. ૧/૧૨/૯૫ ની વહેચણ ની ફેરફાર નોધ નં. ૭૬૨ મુજબ વહેચણી કરેલ છે. જે નોધ તા. ૧૬/૧/૯૬ ના રોજ પ્રમાણીત થયેલ હોવાનુ જણાય છે. જે નિ.૩/૭ થી રજુ છે. વાદીએ રજુ કરેલ નીશાની–૩/૬ ની ફેરફાર નોધ નં– ૭૬૧  તા. ૧/૧૨/૯૫ ધ્યાને લેતાં ડીયા પરબતસિંહ ગુમાનસિંહ ને સરવે નં. ૩૫૬,૧ ૮૫/૧, ૧૮૬ પૈકીની જમીન વહેચણથી પ્રાપ્ત થયેલ છે. તે જમીનો તથા સરવે નં. ૧

૮૭/૨ તથા ૧૮૭/૧ વાળી જમીન તેમણે તેમના પુત્ર ને વહેચણ થી આપી છે.વાદીઓ દાવાવાળી જમીન માં કબજો ન ઘરાવતા હોવાનુ વાદી ના પ્લીડીગ પર થી જણાય છે. વાદી નં–૧ થી ૮ ના લગ્ન થઈ ગયેલ છે અને તેઓ તેમના સાસરીયા માં રહેતા હોવાનુ જણાય છે. જેથી દાવા માં જણાવેલ મકાન નો પણ તેઓ ઉપયોગ કરતા હોવાનુ જણાતુ નથી. ડીયા પરબતસીહ ગુમાનસિંહ ના મરણ નો દાખલો પ્રતિવાદી તરફે નિશાની–૨૦/૩૭ થી રજુ થયેલ છે જે મુજબ તેઓ તા. ૧/૯/૨૦૦૦ ના રોજ મરણ પામેલ છે. વાદીઓએ તેમના પિતા/પતિની હયાતીમાં દાવાવાળી મિલ્કત અંગે કયારેય કોઈ હકક દાવો કરેલ નથી. તેમજ વાદીઓએ તેઓના અવસાન બાદ હાલનો દાવો આશરે ૨૨ વર્ષ બાદ દાખલ કરેલ છે.વાદીની દાવા અરજી ઘ્યાને લેતાં વાદી કોઈ પણ મિલ્કત માં કબજો ઘરાવતા હોવાનુ જણાતુ નથી. વાદી ન– ૯ કોની સાથે રહે છે. તેનો કોઈ સ્પષ્ટતા નથી.વાદીઓને દાવાવાળી મિલ્કતોમાં જન્મ થી હકક ન મળેલ હોવાનુ બીનતકરારી છે. વાદીઓના પિતા સને તા.૦૧/૦૯/૨૦૦૦ના રોજ અવસાન પામેલ છે તે પહેલા તેમણે દાવાવળી મિલ્કતનોની વહેચણી કરી નાખેલ છે. તેમાં દિકરીઓની સંમતિ લેવી જરુરી જણાતી નથી. પત્નિ ની સંમતિ મેળવી પણ જરુરી જણાતુ નથી. પ્રતિવાદીઓ આસેર ૨૬ વર્ષ થી દાવાવાળી મિલ્કતના માલિક તરીકે કબજો ઘરાવે છે. વાદીઓના પિતા/પતિ ખેતીની જમીન ઘરાવતા હોય તેમનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાનુ જણાય છે. વાદીઓ પૈકી દિકરીઓ લગ્ન ન થયેલ ત્યા સુધી પિતા સાથે રહેલ છે. તેમજ પ્રતિવાદી નં.૯ પણ તેમના લગ્ન થી તેમના પતિના મુત્યુ સુધી સાથે રહેલ છે. વાદીઓ તેમના પિતા/પતિની મિલ્કતો થી અજાણ હોય તે માનવા લાયક જણાતુ નથી. તેમજ તેમાં ખાસ કરીને ખેતીની જમીનો થી અજાણ હોય તે માનવા લાયક જણાતુ નથી. વાદીઓએ તેમની દાવા અરજીમાં એવુ જણાવેલ છે કે ''વાદી નં– ૧ થી ૮ ના પિતાશ્રી તથા વાદીનં– ૯ ના પતિશ્રીનુ તા.૦૧/૦૯/૨૦૦૦ ના રોજ અવસાન થયા બાદ દાવાવાળી મિલ્કતોમાં અમો વાદીઓની વારસાઈ થયેલ હશે તેવુ માનવાને કારણ હતુ. '' તેવુ માનવાને કારણ હોવાનો વાદીઓએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. રેવન્યુ અધિકારીઓને સ્વપના આવતા નથી કે કોણ મરણ ગયેલ છે અને કોણ તેમના વાસરદારો છે. તેમજ ગામે ગામે જય મરણ ની નોંઘ ચેક કરવી અને તેના આઘારે રેવન્યુ નોંઘો બદલવાની પણ રેવન્યુ અધિકારીની ફરજ હોય તેવો

કોઈ પુરાવો વાદીઓએ રજુ કરેલ નથી. જેથી કોઈ વ્યકિત મરણ પામે તો તેના વારસો ના કોઈ જ પ્રયત્ન વગર  તેમના નામ રેવન્યુ રેકડમાં ચડી જાય. વાદીની દાવા અરજી મુજબ વાદી નં– ૮ અને ૯ નાએ નીશાની –૩/૭ ની ફેરફાર નોધ નં–૭૬૨  તા. ૧/૧૨/૯૫ ની નોધની જાણ સને– ૨૦૦૦ ના અરસા માં હતી તેવુ સ્પષ્ટ થાય છે. માતા તેમની દિકરીઓ વાદી નં.૧ થી ૭ ને આ બાબતે ન જણાવે તે માનવા લાયક જણાતુ નથી.જે ધ્યાને લેતાં વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાતુ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાનુ જણાતુ નથી. વાદીઓની માંગણી મુજબ મનાઈ હુકમ આપવામા ના આવે તો,વાદીઓને નાણામા ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થતુ હોવાનુ જણતુ નથી. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને  અને મુદ્દા નં. ૪ પ્રત્યે નીચે મુજબનો હુકમ કરાવમાં આવે છે.

**–:હુકમ:–**

(૧)વાદીની આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૨૧ મી, માહે– ફેબ્રુઆરી , સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૨૧/૦૨/૨૦૨૫**
ઈડર

**(રોહિત જીવણભાઈ પરમાર )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ઈડર, જી. સાબરકાંઠા
જજ કોડ નં જી જે ૧૦૦૩

**//SELF//**